# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
## જુના સચિવાલય પાસે, સેકટર-૧૦ બી, ગાંધીનગર

**નવા શૈક્ષણિક વર્ષ-૨૦૨૫-૨૬ થી નવી બિન સરકારી બિન અનુદાનિત (નોન ગ્રાન્ટ-ઇન-એઇડ) માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળાઓની અરજી અંગે અગત્યની જાહેરાત**

નવા શૈક્ષણિક વર્ષ-૨૦૨૫-૨૬ થી કાયમી ધોરણે ગ્રાન્ટ નહી લેવાની શરતવાળી નવી બિન સરકારી બિન અનુદાનિત (નોન ગ્રાન્ટ-ઇન-એઇડ) માધ્યમિક (ધો-૯) અને ઉચ્ચતર માધ્યમિક (ધો-૧૧) શાળાઓ શરૂ કરવા કાયદેસર રીતે નોંધાયેલું ટ્રસ્ટ (સંચાલક મંડળ/સ્થાનિક સ્વરાજની સંસ્થા) તેમની સ્થાપના કરીને માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપવા માટે તેમની પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

આ માટે તા.૨૦/૧૨/૨૦૨૪ ના સાંજના ૪:૦૦ કલાક થી તા.૧૯/૦૧/૨૦૨૫ રાત્રિના ૧૨.૦૦ કલાક સુધી વેબસાઇટ **nsa.gseb.org** પરથી ઓનલાઇન અરજી કરી શકશે. ઓનલાઇન અરજી કરવા માટે જરૂરી આવશ્યક આધારો અંગેની સૂચના ધ્યાનપૂર્વક વાંચી ઓનલાઇન અરજી સાથે જરૂરી તમામ આધાર-પુરાવાનું સ્પષ્ટ વાંચી શકાય તે રીતે સ્કેનીગ કરી અરજી સાથે ઓનલાઇન બિડાણ તરીકે ફરજીયાત જોડવાનું (Upload) રહેશે.

ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે રજીસ્ટ્રેશન કર્યેથી ઇ-મેલ પર મળેલા આઇ.ડી અને પાસવર્ડ મારફતે લોગીન કરીને ઓનલાઇન **SBI E-pay Payment System** મારફતે રૂ.૨૦,૦૦૦/- ની અરજી ફી ભરીને ઓનલાઇન દરખાસ્ત માટેની અરજી કરી શકાશે. આ દરખાસ્ત ફી કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહી.

ઓનલાઇન અરજીના આધારે નવી શાળાની અરજી અંગે બોર્ડનો નિર્ણય શાળામંડળ વતી ઓનલાઇન અરજી કરનાર સંચાલક મંડળને પત્ર દ્વારા જણાવવામાં આવશે. મંજુર/નામંજુરની વિગતો બોર્ડની **WebSite** ઉપર મુકવામાં આવશે. જે શાળાને મંજુરી મળે તે શાળા મંડળે મંજુરીપત્રમાં જણાવેલ સમય-મર્યાદામાં બાકીની શાળા નોંધણીની ફી રૂ.૨૦,૦૦૦/- (વીસ હજાર રૂપિયા)ની રકમ બોર્ડના **SBI** ખાતામાં ચલણની નકલ અને અન્ય આધારો સહિતની દરખાસ્ત સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફત ઓનલાઇન ભલામણ સહિત બોર્ડની કચેરીને મળ્યેથી શાળા નોંધણી કરવાની કાર્યવાહી કરવામાં આવશે. બોર્ડની કચેરીમાં કોઇપણ જાતના આધારો મોકલવાના રહેશે નહી ફકત **online** રજુ કરેલ આધારો ધ્યાને લઇ અરજીનો નિર્ણય કરવાની પ્રક્રિયા કરવામાં આવશે.

**નોંધ:** રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી, ગાંધીનગરના તા.૨૦/૦૭/૨૦૨૪ ના પત્ર ક્રમાંક:DSFPS/0004/07/2024 ના પરિપત્ર મુજબ ગુજરત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ રૂલ્સ, ૨૦૨૧ ના થર્ડ શીડ્યુલ તેમજ નેશનલ બિલ્ડીંગ કોડ ભાગ-૪ ની કલમ ૧.૨b). ૧). અને ૨). અન્વયે ૯ મીટર કે તેથી વધારે ઊંચાઈ ધરાવતા અથવા એક કે વધારે ફ્લોર ઉપર ૫૦૦ ચો.મી.ક્ષેત્રફળ ધરાવતાં શૈક્ષણિક હેતુસરના બિલ્ડીંગને ફાયર પ્રોટેક્શનની જોગવાઈ લાગુ પડે છે. તેમજ આવી ઈમારતો માટે સ્થાનિક ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસના ફાયર સેફ્ટી સર્ટિફીકેટની લેવાની અને લીધેલ ફાયર સેફ્ટી સર્ટિફીકેટને રિન્યુઅલ કરવાની જરૂર રહે છે.

આ સિવાયના ઊંચાઈમાં ૯ મીટરથી ઓછા અથવા ક્ષેત્રફળમાં ૫૦૦ ચો.મી. થી નાના શૈક્ષણિક હેતુસરના બિલ્ડીંગ માટે સ્થાનિક ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસના ફાયર સેફ્ટી સર્ટિફીકેટની જરૂર રહેતી નથી. આવા બિલ્ડીંગ માટે શાળાના સંચાલકોએ બી.આઈ.એસ. કોડ: ૨૧૯૦ અનુસાર પોર્ટબલ ફાયર એક્સટિંગ્યુશર રાખી સેલ્ફ સર્ટિફાઈ કરવાનું રહેશે. ૯ મીટર કે તેથી વધારે ઊંચાઈ ધરાવતા અથવા એક કે વધારે ફ્લોર ઉપર ૫૦૦ ચો.મી.ક્ષેત્રફળ ધરાવતાં શૈક્ષણિક હેતુસરના બિલ્ડીંગને ફાયર એન.ઓ.સી. અથવા ફાયર એન.ઓ.સી. મેળવવા માટેની અરજી કર્યાનો આધાર રજુ કરવાનો રહેશે.

> નોંધ:- બોર્ડની વેબસાઇટ **nsa.gseb.org** ઉપર નવી શાળા મંજૂરી માટેની આવશ્યક સૂચનાઓ ધ્યાને લઇ Online અરજી માટેની પ્રક્રિયા કરવાની રહેશે.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ :૨૦/૧૨/૨૦૨૪